# ગુલદસ્તો

– ડૉ. આઈ.કે. વીજળીવાળા

ફૂલોની એક દુકાને સવાર સવારમાં જ એક માણસ આવી ચડયો. બહાર પાર્ક કરેલી એની વૈભવશાળી કાર એ અતિ શ્રીમંત હશે તેની ચાડી ખાતી હતી. દુકાનમાં આવી તેણે એક ખૂબ જ સુંદર ગુલદસ્તો પસંદ કર્યો. આંગડિયા દ્વારા પોતાની માતાને ફૂલો મોકલવાની વ્યવસ્થા દુકાનદાર જ કરી આપે એ માટે એણે આંગડિયાખર્ચ પણ ચૂકવી આપ્યો. પોતે અતિ વ્યસ્ત હોવાથી ગામડે રહેતી માતાને મળવા જઈ શકે તેમ નહોતો. ઉપરાંત એ દિવસે એણે કોઈ નવા પ્રોજેક્ટ માટે કેટલાક નિષ્ણાંતોને પણ બોલાવ્યા હતા. ઘણા વખતથી પોતે માતાને મળવા નથી ગયો તે વાતનો ઉચાટ તેની દુકાનદાર સાથેની વાતો પરથી જણાઈ આવતો હતો. પણ ફુરસદ મળે તો ને ? પોતાની માતાને એ જ દિવસે ફૂલો મળી જાય તેવી વ્યવસ્થા કરીને એ દુકાનમાંથી બહાર આવ્યો.

બહાર આવીને એણે જોયું તો દસ–અગિયાર વરસની એક છોકરી દુકાનના ઓટલે બેઠી બેઠી હીબકાં ભરતી રડતી હતી. એ નાનકડી બાળકીને રડતી જોઈ એનાથી પુછાઈ ગયું, 'શું થયું બેટા ? શું કામ રડે છે ?' 'અંકલ! મારે મારી માતા માટે ગુલાબનાં ફૂલો ખરીદવાં છે પણ મારી પાસે પૂરા પૈસા નથી. દસ રૂપિયાનાં ફૂલ થાય છે, પણ મારી પાસે ફક્ત નવ રૂપિયા જ છે. મને લાગે છે કે હું આજે મારી માતાને ફૂલો નહીં આપી શકું.' બોલતાં બોલતાં એ છોકરી ધ્રૂસકો નાખી ગઈ.



માતા પ્રત્યેની એ છોકરીની લાગણી જોઈને એ માણસનું હૃદય દ્રવી ગયું. છોકરીનો હાથ પકડીને એ એને દુકાનની અંદર લઈ ગયો. ફૂલોનો એક સરસ ગુલદસ્તો – જેવો પોતે પોતાની માતાને મોકલવા પસંદ કર્યો હતો તેવો જ – એણે એ છોકરીને અપાવ્યો. છોકરી તો ફૂલ મળતાં જ એ માણસનો આભાર માનીને આંસુભરી આંખે બહાર દોડી ગઈ. પેલા માણસે ફૂલોના પૈસા ચૂકવ્યા. પછી બહાર આવ્યો. જુએ છે તો પેલી છોકરી રસ્તાની સામેની તરફ આવેલા કબ્રસ્તાનમાં ઊભી હતી. એક કબર પર ફૂલો મૂકી આંખ મીંચી રડતી રડતી પ્રાર્થના કરતી હતી. એ ચુપકીદીથી એની પાસે જઈને ઊભો રહ્યો. પ્રાર્થના કરીને છોકરીએ આંખ ખોલી. પેલા માણસને જોઈને એટલું જ બોલી, ‘મારી મા અહીં સૂતી છે.’

સ્તબ્ધ થઈ ગયેલો એ માણસ ધીમે પગલે કબ્રસ્તાનમાંથી બહાર આવ્યો. એની આંખ ટપકતી હતી એનો એને ખ્યાલ પણ ન હતો. પોતાની કાર પાસે બે મિનિટ ઊભો રહી પછી એ ફૂલોની દુકાનમાં પાછો ગયો. આંગડિયા દ્વારા પોતાની માતાને ફૂલો મોકલવાનો ઑર્ડર એણે કૅન્સલ કરાવ્યો. પોતે જ એ ગુલદસ્તો લીધો. પોતાની ઑફિસમાં ફોન કરીને પોતે નહીં આવે તેવું કહ્યું. પછી પોતાની માતાને હાથોહાથ એ ફૂલો આપવા ગામડાને રસ્તે કારને મારી મૂકી !

■